## પ્રકરણ-૧૪

આપેલ રાહતો, પરમિટ કે અધિકૃતિ મેળવનારની વિગતોઃ-

### વિકસતી જાતિ કલ્યાણ ખાતા ધ્વારા પ્રકરણ ૧૪ મુ જબ રાહતો, પરમિટ કે અધિકૃતિ મેળવવનારની વિગતો.

| | | |
|---|---|---|
| ૧ | કાર્યક્રમનુ નામ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઈસમોને સરકારશ્રીની પછાતવર્ગની ઉત્કર્ષની નીતિ અન્વયે વિવિધ લાભો આપવા. |
| ૨ | પ્રકાર (રાહત/ પરમિટ/ અધિકૃતિ) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ ના ઈસમોને સરકારશ્રીની પછાતવર્ગ ઉત્કર્ષની નીતિ અન્વયે જાતિ પ્રમાણપત્ર આપવા. |
| ૩ | ઉદેશઃ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના સાચા ઈસમોને લાભ આપી શકાય તે માટે જાતિ પ્રમાણપત્ર આપવામા આવે છે. |
| ૪ | નકકી કરેલ લક્ષ્યાંક (છેલ્લા વર્ષ માટે) | લાગુ પડતુ નથી. |
| ૫ | પાત્રતા | જાતિ પ્રમાણપત્ર આપવા અંગેના સરકારશ્રીએ પ્રસિધ્ધ કરેલ તા.૨૭/૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૧૦૯/ ૧૬૬૩/ અ મુજબ પાત્રતા નકકી કરવામાં આવે છે. |
| ૬ | પાત્રતા માટેના માપદંડો | ૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઈસમ હોવા જોઈએ,<br>૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં જાતિ ઉમેરાઈ હોય તે પહેલાંનો સાચા અને સહજ (Probative Value) ધરાવતો પુરાવો રજુ કર્યો હોવો જોઈએ.<br>૩. બહારના રાજયમાંથી ગુજરાત રાજયમાં આવીને વસ્યા હોય તો તા.૧/૪/૧૯૭૮ પહેલાંનો ગુજરાતમાં કાયમી વસવાટ કર્યાનો આધાર હોવો જોઈએ. |
| ૭ | પુર્વ જરૂરિયાતો | અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્ર તથા તેના પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ પૈકીની જાતિનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ. |
| ૮ | લાભ મેળવવાની પધ્ધતિ. | તા.૨૭/૪/૨૦૧૦ ના ઠરાવ મુજબ નિયત નમુનામાં આધાર પુરાવાઓ સાથે અરજી કરવાની રહેશે. |
| ૯ | રાહત/ પરમીટની સમય મર્યાદા. | કાયમી. |
| ૧૦. | અરજી ફી (લાગુ પડતુ હોય ત્યાં) | હાલ લાગુ નથી. |
| ૧૧. | અરજીનો નમુનો (લાગુ પડતુ હોય ત્યાં) | તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ અનુસાર અરજીનો નમુનો નકકી થયેલ છે. |
| ૧૨ | બિડાણોની યાદી | સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની સરકારશ્રી દ્વારા સ્વીકૃત જાતિની યાદી |
| ૧૩ | બિડાણોનો નમુનોઃ | તા.૨૭/૪/૨૦૧૦નો ઠરાવ. |
| ૧૪ | અન્ય વિગતો | |

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને ઝડપથી, સમય મર્યાદામાં અને સરળતાથી જાતિ પ્રમાણપત્રો અને ઉન્નત વર્ગમાં ન હોવા બાબતના પ્રમાણપત્રો આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ક્રમાંકઃ સશપ – ૧૧૦૯ – ૧૬૬૩ – અ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૨૭ – ૪ – ૨૦૧૦ .**

**વંચાણમાં લીધાઃ**

(૧) આ વિભાગનો ઠરાવ ક્રમાંક : બીસીઆર – ૧૦૭૮ - ૧૩૭૩૪- હ, તા.૧/૪/૧૯૭૮ અને ત્યાર પછીના વખતો વખતના ઠરાવો.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર નો તા.૬/૪/૨૦૧૦ નો પત્ર. ક્રમાંકઃ વિજાક /જન / ૧૦-૧૧ /૧૧૮૦.

**પ્રસ્તાવનાઃ-**

રાજ્ય સરકારના તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર / ૧૦૭૮ / ૧૩૭૩૪/હ થી ગુજરાત રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (**SEBC**) માટે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ તેમજ સરકારી નોકરીઓમાં અનામત નીતિનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. ત્યારબાદ ગુજરાત સરકારના વખતો વખત ના ઠરાવો તેમજ મંડલ કમિશનની ભલામણના સ્વીકાર બાદ કેન્દ્ર સરકાર હેઠળ ની શૈક્ષણિક સંસ્થાઓ અને નોકરીઓમાં **O.B.C.** તરીકે ઓળખાતા અન્ય પછાતવર્ગો માટે ૨૭ ટકા અનામતની નીતિ હાલ અમલમાં છે. અનામતનો લાભ મેળવવા માટે અરજદારે / વિધાર્થીએ / ઉમેદવારે **SEBC/OBC** પૈકીની જાતિના ઉમેદવાર હોવા અંગેનું તેમજ "ઉન્નતવર્ગમાં સમાવેશ ન થતો હોવા" (non-creamy layer) બાબતના એમ બે પ્રકારના પ્રમાણપત્રો મેળવવાના રહે છે. રાજ્ય સરકાર હેઠળના અનામતના લાભ મેળવવા માટેના જાતિ પ્રમાણપત્રો આપવા માટે રાજ્ય સરકારે તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર / ૧૦૭૮ /

૧૩૭૩૪/હ થી અને વખતો વખતના ઠરાવ થી નિયત કરેલ સક્ષમ અધિકારીઓ (Competent authority) હાલમાં નીચે પ્રમાણે છે.

૧. કલેક્ટર / મદદનીશ કલેક્ટર / નાયબ કલેક્ટર

૨. જિલ્લા વિકાસ અધિકારી / નાયબ જિલ્લા વિકાસ અધિકારી

૩. મામલતદાર

૪ તાલુકા વિકાસ અધિકારી

૫ જિલ્લા નાયબ નિયામક(વિ.જા.) તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)

ભારત સરકાર હેઠળના અનામતના લાભો મેળવવા માટેના જાતિ પ્રમાણપત્રો આપવા માટે ભારત સરકારની તા.૨૨/૧૦/૧૯૯૩ ની અધિસુચના ક્રમાંકઃ ૩૬૦૧૨ / ૨૨ / ૯૩ /એસ્ટા/ESCT અને ગુજરાત સરકારના તા.૨૧/૨/૧૯૯૪ના ઠરાવ ક્રમાંકઃ સશપ / ૧૪૯૩ / ૧૯૩૦/અ થી નિયત કરેલ સક્ષમ અધિકારીઓ નીચે મુજબ છે.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ / કલેક્ટર / ડેપ્યુટી કમિશ્નર / નાયબ કલેક્ટર / અધિક ડેપ્યુટી કમિશ્નર / પ્રથમ વર્ગના સ્ટાઇપેન્ડરી મેજીસ્ટ્રેટ / સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ / તાલુકા મેજીસ્ટ્રેટ / એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ / વધારાના આસિ. કમિશ્નર (પ્રથમ વર્ગના સ્ટાઇપેન્ડરી મેજીસ્ટ્રેટથી નીચેની કક્ષાના ન હોય તેવા)

૨. ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ / વધારાના ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ / પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ

૩. મામલતદાર (તેહસીલદાર) થી નીચેની કક્ષાના ન હોય તેવા મહેસૂલી અધિકારી.

૪. સબડીવીઝનલ ઓફિસર.

જ્યાં સુધી ઉન્નત વર્ગમાંથી બાકાત (non-creamy layer) હોવાનું પ્રમાણપત્ર આપવાની બાબત છે ત્યાં સુધી ભારત સરકાર અને ગુજરાત સરકાર હેઠળ એમ બંને પ્રકારના અનામતના લાભો મેળવવા નકકી કરેલ ધોરણો (Parameters) ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગના તા.૮/૯/૧૯૯૩ ના ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંકઃ ૩૬૦૧૨ / ૨૨ / ૯૩ / Estt(SCT) તથા તા.૧૪/૧૦/૨૦૦૪ ના પત્ર ક્રમાંકઃ ૩૬૦૩૩ / ૫ /

૨૦૦૪ -Estt(Res.) અને રાજય સરકારના તા.૧/૧૧/૧૯૯૫ના ઠરાવ ક્રમાંક સશપ / ૧૧૯૪ / ખા.૧૦૯/અ તથા તા.૨૧/૫/૨૦૦૫ ના પત્ર ક્રમાંક સશપ / ૧૪૯૯ / મં.૧૫/અ થી અને ત્યારબાદના વખતો વખતની અધિસૂચનાઓ અને ઠરાવો થી નકકી કરાયા છે અને ઉન્નત વર્ગમાં ન હોવા (non-creamy layer) બાબતના પ્રમાણપત્રો આપવા માટે નિયત કરેલ સક્ષમ અધિકારીઓ નીચે મુજબ છે.

૧. જિલ્લા કલેકટરશ્રી

૨. નાયબ કલેક્ટર / મદદનીશ કલેક્ટર, પ્રાંત ઓફિસર

3. મામલતદાર

ઉપરોકત અધિસૂચના / ઠરાવો વગેરેથી જણાય છે કે રાજય સરકાર હેઠળના અનામતના લાભો અને ભારત સરકાર હેઠળના અનામતના લાભો મેળવવા માટે બંને સરકારો દ્વારા નિયત કરેલા નમુના તથા સત્તાધિકારીઓ અને ધોરણોમાં કેટલાક અંશે ફેરફાર છે અને કેટલીક જાતિઓ  કે જે રાજય સરકાર હેઠળ ની યાદીમાં છે, તે ભારત સરકારની યાદીમાં નથી. કેટલીક જાતિઓ એવી છે કે જે ભારત સરકાર હેઠળ ની યાદીમાં છે, પરંતુ રાજય સરકારની યાદીમાં નથી. તદઉપરાંત આવકમર્યાદાના નક્કી કરેલા ધોરણો પણ ધ્યાને લેવાના રહે છે. આમ, રાજય સરકાર હેઠળના અનામતના લાભો અને ભારત સરકાર હેઠળના અનામતના લાભો મેળવવા માટે કેટલીક બાબતોમાં ભિન્નતા છે, જે સક્ષમ અધિકારીઓએ પ્રમાણપત્ર આપતા પહેલાં ધ્યાનમાં લેવાની રહે છે.

શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એટલે કે મે-જૂન માસમાં એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓના પરિણામો બાદ નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ લેવા માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ દ્વારા જાતિ પ્રમાણપત્રો અને ઉન્નતવર્ગમાં ન હોવા (non-creamy layer) બાબતના પ્રમાણપત્રો મેળવવા માટે ભારે ધસારો થાય છે, તેવું અનુભવે જણાયુ છે. પરિણામે ટૂંકા ગાળામાં આ ધસારાને પહોંચી વળવાનું સક્ષમ અધિકારીશ્રીઓ માટે મુશ્કેલ બને છે અને સક્ષમ અધિકારીશ્રીઓની રોજબરોજની કામગીરીમાં પણ વિક્ષેપ પડે છે. આ ઉપરાંત વિધાર્થી

તેમજ વાલીઓને પણ હાલાકી પડે છે. સક્ષમ અધિકારીશ્રીઓને પુરતી ચકાસણી માટે સમય ન મળવાને કારણે ખોટું જાતિ પ્રમાણપત્ર અને ખોટું ઉન્નતવર્ગમાં ન હોવાના (non-creamy layer) પ્રમાણપત્રો અપાઇ જવાની શક્યતા વધી જાય છે.

ઉપરોક્ત પરિસ્થિતિમાં એક જ સમયે થતાં ધસારાને નિવારવા તેમજ વિધાર્થીઓ તથા વાલીઓને હાલાકીમાંથી બચાવવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહેસૂલ વિભાગ અને શિક્ષણ વિભાગના સંયુક્ત પ્રયાસોથી જાતિ પ્રમાણપત્રો અને બિનઉન્નતવર્ગ (non-creamy layer) ના પ્રમાણપત્રો સરળતાથી મળી રહે તે માટે નીચે મુજબની પધ્ધતિ અમલમાં મુકવામાં આવે છે.

**ઠરાવઃ-**

૧. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના પરિણામ પછીના ધસારાને ટાળવા માટે માર્ચ મહિનામાં લેવાતી પરીક્ષાઓ પહેલાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની શાળાના આચાર્યોએ પોતાની શાળામાં ભણતા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના **SEBC/OBC** જાતિના વિધાર્થીઓને શોધીને **(identify)** તેવા વિધાર્થીઓના પિતા / વાલીઓને સાથે રાખી તેમના જાતિ પ્રમાણપત્રો તથા ઉન્નત વર્ગોમાં ન આવવા (non-creamy layer) અંગેના પ્રમાણપત્રો માટે નિયત નમુનાના ફોર્મમાં અરજીઓ કરાવવાની રહેશે. આ કાર્યવાહીમાં શાળાના આચાર્ય તથા શિક્ષકો માર્ગદર્શકની ભૂમિકા **(facilitator)** ભજવે તેવી સરકારની અપેક્ષા છે.

૨. અનામતના વર્ગોને મળતા અનામતના મહત્વના લાભોની લાલચને ધ્યાનમાં રાખતાં જે **SEBC/OBC** માં ન હોય તેવા અરજદારો ખોટી માહિતી / વિગતો રજુ કરીને પ્રમાણપત્રો મેળવી ન જાય તે સુનિશ્ચિત કરવા સરકારશ્રી કટીબધ્ધ છે. શાળાના આચાર્યોએ વિદ્યાર્થીઓના પિતા / વાલી દ્વારા જે તે પ્રમાણપત્ર માટે ફોર્મ ભરવામાં આવે તેની વિગતો શાળાના રેકર્ડ થી જુદી ન હોય તેનું ધ્યાન રાખવાનું રહેશે. કેટલાક કિસ્સામાં શાળાના રેકર્ડ માં વિધાર્થીની જાતિ **SEBC/OBC** પૈકીની હોય પરંતુ તેના પિતાના રેકર્ડ માં **SEBC/OBC** પૈકીની જાતિ ન હોય ત્યારે પછાત વર્ગના હોવાના દાવાની ધનિષ્ઠ ચકાસણી પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીએ

કરવાની રહેશે કે જેથી ખોટી વ્યકિત પ્રમાણપત્રો મેળવી ન જાય. એવું પણ બની શકે કે, વિધાર્થીના શાળાના રેકર્ડ માં **SEBC/OBC** પૈકીની જાતિનો ઉલ્લેખ ન હોય ત્યારે વિધાર્થીનો દાવો તેના પિતા, કાકા, દાદા, ફોઇ કે લોહીના સંબધ ધરાવતા અન્ય અગાઉની પેઢીઓથી કે અન્ય અધારભૂત દસ્તાવેજ થી પણ સાબિત કરી શકાશે અને તેની ચકાસણી સક્ષમ અધિકારી દ્વારા કરવાની રહેશે.

3. રાજય સરકાર હેઠળના અનામતના લાભો અને ભારત સરકાર હેઠળના અનામત લાભો માટે સક્ષમ અધિકારીઓમાં થોડોક તફાવત છે અને જાતિ પ્રમાણપત્રોના નિયત નમૂના પણ જુદા હોવાથી પ્રમાણપત્રોની અરજીઓ તૈયાર કરતી વખતે જ તેના મથાળે **"રાજય સરકારના અનામતના હેતુ માટે"** અને **"ભારત સરકારના અનામતના હેતુ માટે"** એમ સ્પષ્ટ રીતે ભેદ બતાવવાના રહેશે.

૪. પ્રમાણપત્રો મેળવવા ઇચ્છતા વિધાર્થીની અરજીઓ / દરખાસ્ત તૈયાર કરતી વખતે પડતી મુશ્કેલીઓના નિવારણ માટે સબંધિત શાળાના આચાર્યોને જે તે વિસ્તારના મામલતદાર / તાલુકા વિકાસ અધિકારી / સમાજ કલ્યાણ અધિકારી / જિલ્લા નાયબ નિયામક અગાઉથી જ પુરતું માર્ગદર્શન અને સમજણ આપશે તે પ્રકારની તાલુકા કક્ષાની એક દિવસની શિબિરનું આયોજન કરવાનું રહેશે.

૫. શાળાના આચાર્યોને પુરતી સંખ્યામાં જે તે પ્રમાણપત્રના અરજી ફોર્મ, સોગંદનામા / અફિડેવીટના નમૂના તાલુકા / જિલ્લા મથકે પુરા પાડવાના રહેશે. આ તમામ વિગતો વિભાગની વેબસાઇટ www.sje.gujarat.gov.in ઉપરથી પણ મેળવી શકાશે.

૬. આ રીતે તૈયાર થયેલ દરખાસ્તો આચાર્યોએ **જાન્યુઆરીની ૩૧ તારીખ** સુધીમાં અથવા નિયત સમય પહેલાં શાળા વિકાસ સંકુલના વડાને પહોંચતી કરવાની રહેશે. શાળા સંકુલના વડાએ તમામ દરખાસ્તો મેળવીને **ફેબ્રુઆરીની ૧૫ તારીખ** સુધીમાં અથવા નિયત સમયમાં તૈયાર થયેલી દરખાસ્તો જિલ્લા મથકની શાળાઓ માટે સંબધિત જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)ને આપવાની રહેશે. તાલુકા મથકે આવેલી શાળાઓ માટે સંબધિત મામલતદાર કચેરીમાં આપવાની રહેશે અને ગ્રામ્ય વિસ્તાર માટે

સંબંધિત તાલુકા વિકાસ અધિકારીને આપવાની રહેશે અને તે મુજબ આ અધિકારીશ્રીઓએ જાતિના પ્રમાણપત્રો તૈયાર કરવાના રહેશે. જયારે "ઉન્નત વર્ગોમાં" સમાવેશ થતો નથી (non-creamy layer) તેવા પ્રમાણપત્રો આપવાની સત્તા ફકત મહેસૂલી અધિકારીઓને જ હોઇ તે માટેની દરખાસ્તો શાળા સંકુલના વડાએ જે તે વિસ્તારની મહેસૂલી અધિકારીની કચેરીને મોકલી આપવાની રહેશે.

૭. જાતિ પ્રમાણપત્ર આપતા સક્ષમ અધિકારીએ એપ્રિલ માસના અંત સુધીમાં અથવા નિયત કરેલા સમયમાં જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સબંધિત શાળા વિકાસ સંકુલના વડાને પહોંચતા કરવાના રહેશે. શાળા સંકુલના વડાએ જે તે શાળાને જાતિ પ્રમાણપત્રો ત્વરીત પહોંચતા કરવાના રહેશે. કોઇ વિશેષ સંજોગોમાં નિયત સમયમર્યાદામાં આચાર્ય ધ્વારા દરખાસ્ત તૈયાર ન થાય તેવા સંજોગોમાં યોગ્ય કારણોની નોંધ કરી સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્તોના પણ જાતિ પ્રમાણપત્રો સક્ષમ અધિકારીએ તૈયાર કરવાના રહેશે.

૮. જે કોઇ કિસ્સામાં શાળાના આચાર્ય દ્વારા મોકલવામાં આવેલ અરજીઓ / દરખાસ્તો શંકાસ્પદ જણાય અથવા સક્ષમ અધિકારીને અરજદાર વિધાર્થીનો જાતિનો દાવો સ્વીકાર્ય ન જણાય તે કિસ્સામાં સક્ષમ અધિકારી વિશેષ કે ઘનિષ્ઠ તપાસ કરી શકશે. વિધાર્થીઓના પિતા / વાલીને રૂબરૂ સાંભળી શકાશે અને પોતાને અરજદારની જાતિનો દાવા અંગે સંતોષ થયે જ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૯. ઉન્નત વર્ગમાં ન હોવા (non-creamy layer) અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ફકત મામલતદાર અને અન્ય મહેસૂલી અધિકારીઓને જ સક્ષમ અધિકારી તરીકે જાહેર કરેલા છે, તે સંજોગોમાં ઉપર પ્રમાણે જાતિ પ્રમાણપત્રો માટે તૈયાર થયેલી અરજીઓ / દરખાસ્તોની સાથે-સાથે ઉન્નત વર્ગમાં ન હોવા અંગેની અરજી / દરખાસ્ત પણ શાળાના આચાર્યોએ વિધાર્થી / તેમજ તેમના પિતા / વાલી અને તલાટી / સર્કલ ઓફીસર વગેરેને સાથે રાખીને તૈયાર કરીને જાતિ પ્રમાણપત્રોની દરખાસ્તો સાથે જ મામલતદાર અને અન્ય મહેસૂલી અધિકારીને રજુ કરવાની

રહેશે. જેથી જાતિ પ્રમાણપત્ર અને ઉન્નત વર્ગમાં ન હોવા અંગેના પ્રમાણપત્રો સાથે જ તૈયાર કરી આપવાના રહેશે.

૧૦. ઉપરોકત રીતે સામૂહિક રીતે તૈયાર કરાયેલા જાતિ પ્રમાણપત્રો અને ઉન્નત વર્ગમાં ન હોવાનાં પ્રમાણપત્રો જે તે શાળાના આચાર્યએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના પરિણામ સાથે જ સામૂહિક રીતે વિધાર્થીઓ અને તેમના પિતા / વાલીઓને તેમની પહોચ લઇને આપી દેવાના રહેશે.

૧૧. જે વિધાર્થીએ ધોરણ ૧૦ માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા વિધાર્થીએ ધોરણ ૧૨ પછી પુનઃ જાતિ પ્રમાણપત્ર મેળવવાની આવશ્યકતા રહેતી નથી, પરંતુ પ્રસ્થાપિત નીતિ પ્રમાણે બિનઉન્નત વર્ગ (non-creamy layer) નું પ્રમાણપત્ર વર્ષો વર્ષ નવું લેવાનું રહે છે.

૧૨. ઉપરોકત પધ્ધતિ રાજયના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અમલમાં મુકવાની રહે છે. ૭ (સાત) મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ફરજ બજાવતા સર્વે મામલતદાર પ્રમાણપત્ર આપી શકશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહેસૂલ વિભાગ અને શિક્ષણ વિભાગે એકબીજા ના સહકાર અને સંકલનમાં આ પધ્ધતિને સફળ બનાવવા માટે પણ આથી ઠરાવવામાં આવે છે.

૧૩. હાલ જયાં જનસેવા કેન્દ્રો મારફતે જાતિ પ્રમાણપત્રો / બિન ઉન્નત વર્ગ (non-creamy layer) પ્રમાણપત્રો નિયત ફી / ચાર્જ લઇને આપવામાં આવે છે ત્યાં શાળા મારફતે પ્રમાણપત્રો આપવાની આ નીતિ મુજબ વિદ્યાર્થી / વાલીએ નકકી કરેલ ફી શાળા / જનસેવા કેન્દ્રને આપવાની રહેશે.

૧૪. જે કોઇ સક્ષમ અધિકારી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોનું જાતિ પ્રમાણપત્ર આપવાની ના પાડે / ઇન્કાર કરે તેવા સંજોગોમાં હાલના ઠરાવ / સૂચના મુજબ અપેલેટ ઓથોરીટી કલેકટરશ્રી હોઇ તેઓને અપીલ કરવાની રહેશે. બિન ઉન્નતવર્ગ (non-creamy layer) પ્રમાણપત્રો સંદર્ભમાં આ વિભાગના તા.૧૭.૪.૨૦૧૦ના ઠરાવ મુજબ અપીલ કરવાની રહેશે.

૧૫. ઉમેદવાર / વિદ્યાર્થીઓએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોનું જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે <u>**પરિશિષ્ટ-૧**</u> મુજબ અરજી કરવાની રહેશે. સક્ષમ અધિકારીઓએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોનું જાતિ પ્રમાણપત્ર <u>**પરિશિષ્ટ-૨**</u> મુજબ આપવાનું રહેશે. ઉન્નત વર્ગોમાં સમાવેશ થતો નથી (non-creamy layer) તેવું પ્રમાણપત્ર મેળવવા માગતા ઉમેદવાર / વિદ્યાર્થીએ <u>**પરિશિષ્ટ-૩**</u> મુજબ જરૂરી બિડાણો સહિત અરજી કરવાની રહેશે. સક્ષમ અધિકારીઓએ આપવાના થતા બિન ઉન્નતવર્ગ (non-creamy layer) પ્રમાણપત્રનો નમૂનો <u>**પરિશિષ્ટ-૪**</u> મુજબ રહેશે.

શાળાના આચાર્યોએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોનું જાતિ પ્રમાણપત્ર મેળવવા મળેલ અરજીઓની દરખાસ્ત <u>**પરિશિષ્ટ-૫**</u> મુજબ તૈયાર કરવાની રહેશે, જયારે બિન ઉન્નતવર્ગ (non-creamy layer)નું પ્રમાણપત્ર માટેની દરખાસ્ત <u>**પરિશિષ્ટ-૬**</u> મુજબ તૈયાર કરવાની રહેશે.

ઉપરોકત વિશેષ પધ્ધતિ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના પરિણામ પછીના ધસારાને પહોચી વળવા માટે છે, તેથી સામાન્ય સંજોગોમાં પરિણામ સિવાયના સમયગાળામાં અને અપવાદરૂપ કિસ્સાઓમાં હાલ જે પધ્ધતિથી સક્ષમ અધિકારીઓને સીધેસીધી અરજી કરીને જાતિ પ્રમાણપત્રો કે ઉન્નત વર્ગ મુકિતના પ્રમાણપત્રો આપવાની પ્રથા છે તે ચાલુ રહે છે.

ઉપરોકત વિશેષ ઝૂંબેશ પધ્ધતિમાં પ્રમાણપત્રો મેળવવામાં નિષ્ફળ ગયેલા વિધાર્થી કે તેમના પિતા / વાલી અન્ય રીતે પણ પ્રમાણપત્રો મેળવી શકશે.

ઉપરોકત પધ્ધતિ સાંગોપાંગ સફળ થાય અને પ્રમાણપત્રવાંછુ વિદ્યાર્થીઓ/ અરજદારોની મુશ્કેલી દૂર કરવા જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, નિવાસી નાયબ કલેકટર અને જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) (સભ્ય સચિવ) ની બનેલી સમિતિ મુશ્કેલી નિવારણ માટે જરૂરી પગલાં લેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગની તથા અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગની તા.૨૧.૪.૨૦૧૦ની નોંધોથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મનોજ રાવલ )
સંયુકત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો.
- *રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- *સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગુજરાત રાજય જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ / બોર્ડ / નિગમો.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ.
- સર્વે મદદનીશ કલેક્ટરશ્રી / નાયબ કલેક્ટરશ્રી.
- સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે નાયબ નિયામકશ્રી(વિ.જા.)/જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.).
- તમામ મામલતદારશ્રીઓ.
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સિલેકટ ફાઇલ.

* પત્ર ધ્વારા.

પરિશિષ્ટ.૧

## ગુજરાત રાજ્ય

ફોટો

# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજી ફોર્મ

સરકારશ્રીએ જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પૈકી............................... જાતિમાં મારો સમાવેશ થાય છે. મારે રાજ્ય સરકારે જાહેર કરેલ અનામત નીતિનો તેમજ મળવાપાત્ર અન્ય સહાય/લાભ મેળવવા માટે જાતિ પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પૂરું નામ/સરનામું,<br>ટેલિફોન (કોડનંબર સાથે)/મોબાઇલ નંબર | : | |
| ૨ | અરજદારના પિતા/વાલીનું પૂરૂ નામ | : | |
| ૩ | અરજદારની માતાનું પૂરૂ નામ | : | |
| ૪ | અરજદારની જાતિ / પેટા જાતિ | : | |
| ૫ | અરજદારનુ વતન ગામ.....................<br>તા............ જિ............ રાજ્ય. ........... | : | |
| ૬ | અરજદારના પિતાનું જન્મ સ્થળ / અને મૂળ વતન ............ તાલુકોઃ-<br>જિલ્લોઃ- રાજ્ય............. | : | |
| ૭ | બહારના રાજયના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ છે.) | : | |
| ૮ | અરજદારના પિતાની જાતિ / પેટા જાતિ અંગેની માહિતી | : | |
| ૯ | જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | : | |
| ૧૦ | જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજૂ કરેલા આધાર/પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | : | |

## બાંહેધરી

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાત્રી આપુ છું. જે ધ્યાને લઇ મને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી.અમોએ મેળવેલ જાતિપ્રમાણપત્ર અધિકૃત અધિકારી ધ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટુ સાબિત થાય તો મારો પ્રવેશ/ નિમણૂંક કોઇ પણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટિસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે, અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટુ પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

**સ્થળઃ-** .............................

**અરજદારની પુરી સહીઃ-**

**(નામ)**......................................

**તારીખઃ-**..............................

**પિતા/માતા/વાલીની પુરી સહીઃ-**

**(નામ)**...................................

**જાતિ પ્રમાણપત્ર મેળવવા રજૂ કરવાના થતા પુરાવાઃ-**

૧. અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, પિતા, કાકા, ફોઇ પૈકી કોઇ એકનો જાતિ પુરવાર થાય તેવો દસ્તાવેજ માંગી શકશે.

૨. વિવાદસ્પદ/શંકાસ્પદ કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાયતો જાતિ પુરવાર કરવા માટે તા.૧/૪/૧૯૭૮ પહેલાના આધારભૂત પુરાવા રજુ કરવાના રહેશે.

3. અન્ય રાજયમાંથી સ્થળાંતરિત ઉમેદવારના કિસ્સામાં તા.૧/૪/૧૯૭૮ કે તે પહેલાંથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવા રજૂ કરવાના રહેશે.

૪. **રહેઠાણના પુરાવાઃ**- રહેઠાણના પુરાવા તરીકે લાઇટ બીલ, ટેલિફોન બીલ, રેશનકાર્ડ, ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખકાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઇપણ એકની નકલ.

**ખાસ નોંધઃ-**

૧. **અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઇઝના બે ફોટા સાથે સ્વયં આવવાનું રહેશે.**

**ફકત કચેરી ઉપયોગ સારૂ**

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદારનું પૂરૂં નામ | : | |
| ૨ | જાતિ/પેટા જાતિ | : | |
| 3 | પ્રમાણપત્ર આપેલ હોયતો નંબર/ તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર/તારીખ | : | |

**તૈયાર કરનાર કર્મચારીનું પુરુ નામ/પુરીસહી**

**સક્ષમ અધિકારીનું પુરૂ નામ અને હોદ્દો**

**અધિકારીની સહી અને સિકકો**

सत्यमेव जयते
ગુજરાત સરકાર

<u>પરિશિષ્ટ.૨</u>

ફોટો

પ્રમાણપત્ર ક્રમાંકઃ-..................

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેનું જાતિ પ્રમાણપત્ર

<u>(ફકત ગુજરાત સરકાર હેઠળના લાભો માટે)</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી ...................................... ................................................. શ્રી............................................................ના પુત્ર / પુત્રી છે. તેઓ ગામ / નગર ...................... તાલુકો. ..................... જિલ્લા...................... ના રહેવાસી છે. તેઓ ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર /૧૦૭૮ /૧૩૭૩૪/હ, તેમજ ત્યાર બાદના વખતો વખત બહાર પાડવામાં આવેલ સુધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ જાતિઓ / વર્ગો / સમૂહો પૈકી ............................ જાતિના છે.

સ્થળઃ- ............................ સહીઃ- ......................................

નામઃ- .....................................

તારીખઃ- ............................. હોદ્દોઃ- ..................................

કચેરીનું રાઉન્ડ સીલ (કચેરીના સિક્કા સહિત)

રજૂ કરેલ આધારની વિગતઃ-

૧.

૨.

3.

.

## પરિશિષ્ટ.૩

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ગુજરાત સરકારની સેવાઓમાં / નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે અનામતના લાભ લેવા માટે બિનઉન્નત વર્ગમાં (NON-CREAMY LAYER) હોવાનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજીનો નમૂનો**

(આ ફોર્મ નમૂના તરીકે ગણવાનું રહેશે, પરંતુ જરૂરી જણાય તો અરજદારની તેમજ સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ માહિતી ફોર્મમાં સામેલ કરી શકાશે).

| ફોટો |
|---|

પ્રતિ,
મામલતદારશ્રી
..............................
................................ તાલુકો
જિલ્લો..................................

શ્રીમાન,

ગુજરાત સરકાર હેઠળની નોકરીઓમાં, શૈક્ષણિક સસ્થાઓમાં પ્રવેશ વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે અનામતનો લાભ મેળવવાના હેતુ માટે મને બિનઉન્નત વર્ગમાં (NON-CREAMY LAYER) હોવાનું પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

**મારી / મારા પિતાની / કુટુંબની જરૂરી વિગતો નીચે પ્રમાણે છે.**

૧. અરજદારનુ પુરુ નામઃ

૨. જન્મ તારીખઃ / જન્મસ્થળ

૩. રહેઠાણનુ પુરુ સરનામુઃ
(ક) હાલનું
(ખ) કાયમી
(ગ) ફોન નં/ મોબાઇલ નં

૪. ધર્મ / જાતિ / પેટાજાતિ

૫. વ્યવસાય - જૂથઃ

૬. પિતાનું પુરુ નામઃ

૭. માતાનું પુરુ નામઃ

૮. પતિનું પુરુ નામઃ

૯. માતા/પિતા/ જીવનસાથીનો દરજ્જો. (Status of Parent (s) / Spouse)

A <u>પિતા / માતાના બંધારણીય હોદ્દાઓ</u>. ( **Constitutional posts**)

૧. હોદ્દો-

૨. હોદ્દો ધારણ કર્યા તારીખઃ

B ૧. <u>પિતા/માતાની સરકારી નોકરી</u> ( **Government Service**)

( ૧) જન્મ તારીખ

( ૨) નોકરી અને કચેરી
(કેન્દ્ર/રાજય સરકાર)

( 3) હોદ્દો-

( ૪) પગાર ધોરણઃ-
(વર્ગીકરણ સહિત જો હોય તો)

( ૫) જે તે જગ્યા ઉપર નિમણૂકની તારીખ .

(૬) વર્ગ-૧ ની જગ્યામાં બઢતીની તારીખ અને તે સમયે ઉંમર
(જો લાગુ પડતુ હોય તો.)

૨. પિતા/માતાની આંતરરાષ્ટ્રીય સંગઠનો (**International Organization** ) જેવા કે
**સંયુકત રાષ્ટ્રસંઘ, (UNO) યુનિસેફ ( Unicef)**
**વિશ્વ આરોગ્ય સંગઠનો (WHO) વગેરેમાં નોકરી.**

(૧) સંગઠનનુ નામઃ-

(૨) હોદોઃ-

(3) નોકરીનો સમયગાળો.
(તા...................થી તા....................સુધી)

3 પિતા/માતાનું મૃત્યૃ/ કાયમી અશકતતા (**Death/ Permanent Incapacitation**)
(લાગુ ન પડતુ હોય તો છેકી નાખો)

(૧) માતા અથવા પિતા બેમાંથી કોનુ મૃત્યુ થયુ છે?
મૃત્યુની તારીખઃ

(૨) અધિકારીને કાયમી અશકતતા ને કારણે નોકરીમાંથી દૂર કરાયા હોય તો તેની તારીખ

(3) કાયમી અશકતતાની વિગતો

C <u>પિતા/માતાની જાહેર સાહસો/ ખાનગી સાહસ વગેરેમાં નોકરી.</u>
**(Employment in Public Sector / Private sector Undertakings etc.)**

૧ (૧) જાહેર સાહસ / સંસ્થાનુ નામઃ-

(૨) જે તે જગ્યા ઉપર નિમણૂંકની તારીખઃ

(3) હોદ્દોઃ

(૪) પગાર ધોરણઃ

(૫) કુલ વાર્ષિક પગારઃ

(૬) કુટુંબ ની કુલ વાર્ષિક આવકઃ

૨ (૧) ખાનગી સાહસ / સંસ્થાનુ નામઃ

(૨) જે તે જગ્યા ઉપર નિમણૂંકની તારીખ

(૩) હોદોઃ-

(૪) પગાર ધોરણઃ

(૫) કુલ વાર્ષિક પગાર

(૬) કુટુંબ ની કુલ વાર્ષિક આવકઃ

D <u>પિતા/માતાની અર્ધ લશ્કરી દળો સહિત સશસ્ત્ર દળોમાં નોકરી</u>

**( Armed Forces including Para-military Forces)**

(આમાં મુલ્કી જગ્યાઓ ધરાવતી વ્યકિતનો સમાવેશ થતો નથી.).

(૧) હોદોઃ-

(૨) પગાર ધોરણઃ

(૩) જગ્યા ઉપર નિમણુંકની તારીખઃ

E <u>પિતા/માતાનો વ્યવસાયી વર્ગ</u> **(Professional Class)**

(ઉપરોકત (બી) અને (સી) અને (ડી) માં આવરી લીધેલ હોય તે સિવાય અને વેપાર ધંધા અને ઉધોગમાં રોકાયેલા વ્યકિતઓ.

(૧) વેપાર / ધંધો / ઉદ્યોગ

(વિગતો સ્પષ્ટ બતાવવી)

(૨) વ્યવસાય-

(જેવા કે વકીલ, ડૉકટર, ચાર્ટડ એકાઉન્ટન્ટ, આર્કિટેક, આવકવેરા સલાહકાર, નાંણા સલાહકાર, સંચાલન સલાહકાર, દાંતના સર્જન, ઇજનેર, કોમ્પ્યુટર નિષ્ણાત, ફિલ્મ કલાકારો, ફિલ્મ ક્ષેત્રના અન્ય વ્યવસાયી વ્યકતિઓ, લેખકો, નાટયકારો, રમતવીરો, વ્યવસાયી રમતવીરો, પ્રસાર માધ્યમક્ષેત્રે વ્યવસાયી વ્યકતિઓ અથવા તેના જેવા દરજ્જાના અન્ય કોઇ વ્યવસાયોમાં રોકાયેલ વ્યકતિઓ)

F <u>મિલકત ધારણ કરનાર.</u> **( Property Owners)**

**F-1 ખેતી લાયક જમીન ધારણ કરનાર**

(માતા,પિતા અને સગીર બાળકો સહિતની માલિકીની).

(૧) ગામનુ નામઃ-

(૨) જમીનનુ ક્ષેત્રફળ (ચો.મી)-

(૩) (ક) સિંચિત વિસ્તાર(ચો.મી)

(સિંચિત જમીનનો પ્રકાર)

**(i)**

**(ii)**

**(iii)**

16

(ખ) બીન સિંચિત વિસ્તાર(ચો.મી)

(બીન સિંચિત જમીનનો પ્રકાર)

(i)

(ii)

(iii)

| | |
|---|---|
| કોલમ (૪), (૫), (૬) મામલતદારથી નીચેની કક્ષાના નહિ તેવા મેહસુલી અધિકારી ધ્વારા પ્રમાણિત કરવાની રહેશે | (૪) રાજયના ખેત જમીન ટોચ મર્યાદા કાયદા હેઠળ વૈધાનિક ટોચમર્યાદા સામે ધારણ કરેલ સિંચિત જમીનના વિસ્તારની ટકાવારી<br>(૫) જો ધારણ કરેલ જમીન સિંચિત અને બિનસિંચિત એમ બંને પ્રકારની હોય તો રાજય જમીન ટોચમર્યાદા કાયદા હેઠળ નિયત કરેલી રૂપાંતર પધ્ધતિના આધારે ધારણ કરેલ કુલ સિંચીત જમીન. |

(૬) કોલમ-૪ માં દર્શાવેલ વૈધાનિક ટોચ મર્યાદાના સંદર્ભમાં ધારણ કરેલ કુલ સિંચિત જમીનની ટકાવારી (કોલમ -૫ લક્ષમાં લીધા સહિત)

**F 2** વૃક્ષ બગીચા ( **Plantation**)

૧ (૧) કોફી-ચા-રબર વગેરે

(૨) સ્થળ

(3) વાવેતરનો વિસ્તાર

૨ (૧) ફળોના બગીચાઃ-

(૨) સ્થળઃ-

(3) વાવેતરનો વિસ્તાર

**F 3** શહેરી વિસ્તાર અને શહેરી સમુચ્ચયમાંના ખાલી જમીન અને અથવા મકાનો

**( Vacant land and / or buildings in urban areas or urban agglomeration.)**

(૧) મિલકતનું સ્થળ

(૨) મિલકતની વિગતો/વર્ણન

(3) કયા ઉપયોગમાં લેવામા આવે છે તે.

**G** આવક / સંપતિ **(Income / Wealth)**

(૧) કુટુંબની તમામ સ્ત્રોત માંથી થતી વાર્ષિક આવક (પગાર અને કૃષિ વિષયક જમીનમાંથી થતી આવક સિવાય)

(૨) કરદાતા છે? હા /ના જો હા તો છેલ્લા 3 વર્ષના આવકવેરા પત્રક (Income tax return) ની નકલ રજૂ કરવી

(૩) સંપતિવેરા અધિનિયમ (**Wealth Tax Act**) હેઠળ જાહેર કરેલ મુકતિ મર્યાદા કરતા વધારે સંપતિ ધરાવો છો કે કેમ ? હા કે ના
(જો હા તો સરકાર ધ્વારા અધિકૃત વેલ્યુઅર પાસેથી સંપતિ આકારણીનું પ્રમાણપત્ર /રીપોર્ટ )

**H** <u>અન્ય જરૂરી વિગતોઃ</u>- **(Any other necessary information)**

## <u>બાંહેધરી</u>

**I** હું આથી પ્રમાણિત કરૂ છુ કે ઉપર દર્શાવેલી વિગતો મારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ હુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો પૈકી ઉન્નત વર્ગની કક્ષામાં આવતો નથી. અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના અનામત લાભ માટે હકદાર છુ. મેં રજુ કરેલ કોઇ પણ માહિતી ખોટી કે અપૂરતી માલુમ પડશે અથવા અનામતના લાભ પહેલાં કે પછી અયોગ્ય માલુમ પડશે તો તે સંજોગોમાં મારી ઉમેદવારી / નિમણૂંક રદ થવાને પાત્ર છે, તે અને પ્રવર્તમાન કાયદા અને/અથવા.નિયમો હેઠળ મારી સામે પગલા લઇ શકાશે તે હુ સમજું છુ. અમોએ મેળવેલ જાતિ પ્રમાણપત્ર અથવા નોન ક્રીમિલેયર પ્રમાણપત્ર અધિકૃત અધિકારી ધ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટુ સાબિત થાય તો મારો પ્રવેશ/ નિમણુંક કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટિસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે, અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટુ પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

**સ્થળઃ-** **આપનો વિશ્વાસુ**
**તારીખઃ-** **ઉમેદવારની સહી/-**
**પિતા અથવા માતા ની સહી/-**

(<u>નોંધઃ</u> ગુજરાત સરકારના ઉન્નતવર્ગને બાકાત રાખવા માટેના માપદંડો અને નીતિ અંગેના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૯૪/ખા-૧૦૯/અ તા.૧/૧૧/૧૯૯૫ અને ત્યારબાદ થયેલા વખતો વખત ના સુધારાની તમામ જોગવાઇઓ તથા નિયમો વાંચી તેમજ સમજીને તે મુજબ વિગતો ભરવાની રહેશે).

.

## <u>પરિશિષ્ટ.૩ નું બિડાણ</u>

## <u>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC) ના ઉમેદવારોએ નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર મેળવવા અંગે અરજી સાથે રજુ કરવાના પુરાવાઓ</u>

૧. અરજદારના પિતા અને પિતા ન હોય તો માતાનું નોન ક્રિમિલેયર અંગેનુ સોગંદનામું.

૨. રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ, લાઇટ બીલ, મ્યુનિસિપલ ટેક્ષ બીલ, ચુંટણી ઓળખ કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ અથવા રહેણાંક સાબિત કરતા અન્ય આધારભૂત પુરાવા જેમાં અરજદારના હાલના સરનામાનો ઉલ્લેખ હોય તે ગમે તે એક.

3. <u>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની જાતિ અંગેના આધાર પુરાવાઓ</u>

૪ <u>અરજદારના પિતા/માતાના છેલ્લા ત્રણ વર્ષના આવકના પુરાવા</u>

(૧) સરકારી નોકરીયાતના કિસ્સામાં તેમના કચેરીના વડાનુ આવક અંગેનુ તથા હોદ્દો તેમજ વર્ગ દર્શાવતું પ્રમાણપત્ર

(૨) ધંધા/ વ્યવસાયના કિસ્સામાં કરપાત્ર હોય તો છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નની નકલ

(3) જાહેર સાહસો / ખાનગી સાહસો, બેન્ક, એલ.આઇ.સી, યુનિવર્સીટી વગેરે નોકરીના કિસ્સામાં તેમના કચેરીના વડાનું આવક દર્શાવતું તેમજ હોદ્દો / વર્ગ દર્શાવતું પ્રમાણપત્ર.

૫. ખેતીની જમીન ધારણ કરનારે ૭/૧૨ ના ઉતારાની નકલ રજૂ કરવી.

૬. ધારણ કરેલ સંપતિની સંપતિવેરા ધારા હેઠળ (Wealth tax Act) ની કિંમત (Valuation) (સરકાર ધ્વારા અધિકૃત વેલ્યુઅર પાસેથી સંપતિ આકારણીનું પ્રમાણપત્ર / રિપોર્ટ)

(૧) જરૂર જણાય તેવા જ કેસોમાં સક્ષમ અધિકારી આવું પ્રમાણપત્ર / રીપોર્ટ માગી શકશે.

<u>નોંધઃ વિદ્યાર્થી /ઉમેદવારને જે બાબત લાગુ પડતી હોય તેના પુરાવા રજૂ કરવાના રહેશે.</u>

19

## પરિશિષ્ટ.૩ નું બિડાણ

## પંચનામુ

(૧) પંચનુ પુરૂ નામ
ઉંમર
ધંધો
રહેવાસી

(૨) પંચનુ પુરૂ નામ
ઉંમર
ધંધો
રહેવાસી

આથી અમો નીચે સહી કરનાર પંચો રૂબરૂ પુછવાથી જાહેર કરી જણાવીએ છીએ કે, શ્રી/શ્રીમતી ........................................... રહેવાસી સરનામુઃ..........................................................ને અમો જાતે ઓળખીએ છીએ તથા તેઓ આ સ્થળે છેલ્લા ...........વર્ષથી રહે છે. અમો પંચો જણાવીએ છીએ કે તેઓનો વ્યવસાય/ધંધો/નોકરી ........................છે. તેઓએ તેમના પુત્ર/પુત્રી નામે......................નો ઉન્નતવર્ગમાં સમાવેશ થતો નથી, તેવુ પ્રમાણપત્ર મેળવા માટે અરજી કરેલ છે.

તેમના માતા પિતાની વિગત નીચે મુજબ છે. અને તેમનો વ્યવસાય / નોકરી નીચે પ્રમાણે છે.

| અનુ નં | નામ | ઉંમર | સંબધ | ધંધો/ વ્યવસાય/ નોકરી |
|---|---|---|---|---|
| ૧ | | | પોતે | |
| ૨ | | | પત્ની | |

૧ ઉપર દર્શાવેલ વિગતો સાચી છે. જેની ખાતરી બદલ અમોએ નીચે સહી કરેલ છે.

પંચોની સહીઃ ઉમેદવારની સહીઃ પિતા અથવા માતાની સહી

(૧)
(૨)

તારીખ (રૂબરૂ)
સ્થળ તલાટીની સહીઃ

**નોંધઃ-** સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય, સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળા/ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોની રૂબરૂમાં પંચનામું કરાવેલ હોય તો તે પણ માન્ય ગણાશે.

## પરિશિષ્ટ.૩ નું બિડાણ

(રૂ ૨૦/- ના સ્ટેમ્પ પેપર સાથેનુ સોગંદનામુ)

## નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર મેળવવાનું સોગંદનામુ

આથી હુ નીચે સહી કરનાર................................ ........................ ............ ઉ.વ. આશરે .................. ધર્મ .................... જાતિ ............... પેટાજાતિ .................... ધંધો........................... રહેવાસી .......................................................... મારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરૂં છું કે, અમે અમારા પુત્ર / પુત્રી / પાલ્ય નામે............................................................ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના હોવાથી નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર મેળવા અંગે અરજી કરેલ છે. તે અરજીમાં અમો તથા અમારા પત્નીના તથા પતિના વ્યવસાય, હોદ્દો, વર્ગ, પગારની આવક ખેતીની આવક સંપતિની આવક જે દર્શાવેલી છે, તે ખરી અને સાચી છે. ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ અને ટ્રેઇનીગના ઠરાવ ક્રમાંકઃ ૯૩૬૦૧૨/૨૨/૯૩-Estt(SCT), તા.૮/૯/૧૯૯૩ તથા તા.૧૪/૧૦/૨૦૦૪ ના પત્ર ક્રમાંકઃ ૩૬૦૩૩ / ૫ / ૨૦૦૪-Estt(Res.) થી તેમજ ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૧૯૪/ ખા-૧૦૯/અ, તા.૧/૧૧/૧૯૯૫ ની કોલમ નં.3 મુજબ તથા તથા તા.૨૧/૫/૨૦૦૫ ના પત્ર ક્રમાંક સશપ / ૧૪૯૯ / મં.૧૫/અ તેમજ ત્યારબાદના વખતો વખતના થયેલ અદ્યતન સુધારા અનુસાર અમારો સમાવેશ ઉન્નત વર્ગમા થતો નથી.

૧. અમો કે અમારાં પત્ની ભારત સરકારના કે રાજય સરકારના સંવૈધાનિક હોદ્દો ધરાવીએ છીએ/ હોદ્દો ધરાવતા નથી. <u>ભૂતકાળમાં આવા સંવૈધાનિક હોદ્દાઓ ધરાવતા હતા / ધરાવતા ન હતા</u>.

૨. અમો કે અમારાં પત્ની ભારત સરકારમાં કે રાજય સરકારમાં વર્ગ-૧ ની સીધી ભરતીના અધિકારી છીએ / નથી. ભૂતકાળમાં આવો હોદ્દો ધરાવતા હતા / ધરાવતા ન હતા. સદરહુ હોદ્દો ધારણ કરતા હોય અને અપંગ થયેલ નથી / અપંગ થયેલ છીએ. અમોને કે અમારા પત્નીને હોદ્દા પરથી દુર કરવામાં આવેલ છે / આવેલ નથી.

3. અમો કે અમારાં પત્ની ભારત સરકારમાં કે રાજય સરકારમાં વર્ગ-૨ માં સીધી ભરતીના અધિકારી છીએ / સીધી ભરતીના અધિકારી નથી. ભૂતકાળમાં આવો હોદ્દો ધરાવતા હતા/ ધરાવતા ન હતા. સદરહુ હોદ્દો ધારણ કરતા હોય અને અપંગ થયેલ નથી / અપંગ થયેલ છીએ. અમોને કે અમારા પત્નીને હોદ્દા પરથી દુર કરવામાં આવેલ છે/ આવેલ નથી

૪. અમો કે અમારાં પત્ની ભારત સરકારમાં કે રાજ્ય સરકારમાં વર્ગ-૨ ના અધિકારી તરીકે જોડાયેલ છીએ / જોડાયેલ નથી. અમોને ૪૦ વર્ષની ઉંમર પહેલા વર્ગ-૧ માં બઢતી મળેલ છે / બઢતી મળેલ નથી.

૫. અમો કે અમારાં પત્ની જાહેરક્ષેત્રોના ઉપક્રમો (PSU), ખાનગી ઉપક્રમો, એલ.આઇ.સી, બેન્ક, યુનિવર્સિટી વગેરેમાં ........................................ હોદ્દો ધારણ કરીએ છીએ / હોદ્દો ધારણ કરતા નથી. ભૂતકાળમાં આવો હોદ્દો ધરાવતા હતા / ધરાવતા ન હતા.

૬. અમો કે આમારાં પત્ની વ્યવસાયે દાકતર, વકીલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, આર્કિટેક એન્જીન્યરીગ, આયકર સલાહકાર, નાણાકીય સલાહકાર, સંચાલન સલાહકાર, મિડીયા પ્રોફેશન વગેરે જેવા વ્યવસાયી વર્ગમાં (Professional Class) સમાવેશ પામીએ છીએ / વ્યવસાયી વર્ગમાં સમાવેશ પામતા નથી.

૭. અમો કે અમારાં પત્ની વ્યાપાર ધંધામાં રોકાયેલ છીએ / રોકાયેલ નથી.

૮. અમો કે આમારાં પત્ની મિલીટરી, નેવી, એરફોર્સમાં કર્નલ કે તેથી ઉપલી કક્ષામાં હોદ્દો ધારણ કરીએ છીએ / કરતાં નથી. ભૂતકાળમાં આવો હોદ્દો ધરાવતા હતા / ધરાવતા ન હતા.

૯. અમો કે આમારાં પત્ની ખેતજમીન ટોચમર્યાદા ધારાથી વધારે ખેતીની જમીન અથવા બાગબગીચા ધરાવીએ છીએ / ધરાવતા નથી.

૧૦. અમો કે આમારાં પત્ની શહેરી વિસ્તારો કે શહેરી સમુચ્ચયોમાં ખાલી જમીન અને / અથવા મકાન ધરાવીએ છીએ / ધરાવતાં નથી.

૧૧. અમારી સંપતિની કિંમત સંપતિવેરા ધારા હેઠળ (Wealth tax act) થી નિયત કરેલ મુકતિ મર્યાદા કરતા વધુ નથી /વધુ છે.

૧૨. અમારી પતિ પત્નીની તમામ સાધનોથી મળીને થતી છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષની કુલ આવક નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | નાણાંકીય વર્ષ............ | નાણાંકીય વર્ષ........... | નાણાંકીય વર્ષ............ |
|---|---|---|---|---|
| ૧ | પગારની આવક | | | |
| ૨ | વેપાર / ધંધાની આવક | | | |
| 3 | વ્યવસાયની આવક | | | |
| ૪ | ખેતીની આવક | | | |
| ૫ | વેલ્થ ટેક્ષ એકટ મુજબની સંપતિની કિંમત (રૂ.........................) અને આવક | | | |
| ૬ | અન્ય સાધનો(સ્ત્રોત)માંથી થતી આવક | | | |
| ૭ | કુલ આવક | | | |
| ૮ | પ્રમાણપત્ર મેળવવા પાત્ર આવક | | | |

હું આથી પ્રમાણિત કરૂ છું કે ઉપર દર્શાવેલી વિગતો મારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ હું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો પૈકી ઉન્નત વર્ગની કક્ષામાં આવતો નથી અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના અનામત લાભ માટે હકદાર છું. મેં રજુ કરેલ કોઇ પણ માહિતી ખોટી કે અપૂરતી માલુમ પડશે અથવા અનામતના લાભ પહેલાં કે પછી અયોગ્યતા માલુમ પડશે તો તે સંજોગોમાં મારી ઉમેદવારી / નિમણૂંક રદ થવાને પાત્ર છે, તે અને પ્રવર્તમાન કાયદા અને/અથવા નિયમો હેઠળ મારી સામે પગલાં લઇ શકાશે તે હું સમજું છું. અમોએ મેળવેલ જાતિ પ્રમાણપત્ર અથવા નોન ક્રીમિલેયર પ્રમાણપત્ર અધિકૃત અધિકારી ધ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ / નિમણુંક કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટિસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે, અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર / વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

**તારીખઃ** (અરજદારના માતા/પિતા અથવા કુદરતી વાલીની સહી)

**સ્થળઃ** (અરજદારની સહી)

**નોંધઃ**
(૧) આ સોગંદનામુ અરજદારશ્રીના પિતા અને પિતા ન હોય તો માતાએ કરવું.
(૨) આ સોગંદનામુ નમૂનારૂપ છે. સક્ષમ અધિકારી જરૂરી જણાય તો અરજદારની તેમજ સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ માહિતી માગી શકશે.
(3) નમૂના રૂપ સોંગદનામામાં લાગુ ન પડતી બાબતોનો ઉલ્લેખ ન કરવો.

फोटो

सत्यमेव जयते

ગુજરાત રાજય

<u>પરિશિષ્ટ.૪</u>

પ્રમાણપત્ર ક્રમાંકઃ-.................

**ગુજરાત સરકાર હેઠળની નોકરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોનું નોન ક્રિમીલેયરનું પ્રમાણપત્ર.**

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી ................................................. શ્રી.......................................................................ના પુત્ર/પુત્રી ગામ/નગર .......................... તાલુકો.......................... જિલ્લો..........................ના રહેવાસી છે. તેઓ ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર /૧૦૭૮/૧૩૭૩૪/હ, તેમજ ત્યારબાદના વખતોવખત બહાર પાડવામાં આવેલ અદ્યતન સુધારા ઠરાવોથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ જાતિઓ પૈકી .............................. જાતિના છે.

શ્રી ........................................................................ અને /અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજયના ................................................ જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તેઓ / તેણીનો ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ ના ઠરાવ નંબરઃ સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ સાથેના પરિશિષ્ટ થી તેમજ વખતો વખત થયેલ સ્વીકૃત સુધારાથી નિયત કરવામાં આવેલ ઉન્નત્ત વર્ગો (Creamy layer)ની વ્યકતિ/જુથમાં સમાવેશ થતો નથી.

તારીખઃ-

(સીલ)

સક્ષમ અધિકારીની સહી/-

નામઃ-

હોદ્દોઃ-

રજુ કરેલ આધારોઃ-

૧.

૨.

3.

.

## પરિશિષ્ટ.૫

## માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના જાતિ પ્રમાણપત્રો અંગેની દરખાસ્તનું પત્રક**

શાળાનું નામ :-

સ્થળ :- ........................, તાલુકો :- ........................, જિલ્લો :- ......................

| અનુ. | વિધાર્થીનું પુરૂ નામ – સરનામું | જે તે વિધાર્થીનો શાળાનો જનરલ રજીસ્ટર નંબર | શાળાના જનરલ રજી. મુજબ જાતિ / પેટાજાતિ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

નોંધ :- આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર મુજબની વિગતો શાળાના રેકર્ડ પરથી ખાતરી કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સાચી અને ખરી છે.

તારીખ :- .................................

તૈયાર કરનારકર્મચારીનું પુરૂ નામ અને સહી/-

આચાર્યશ્રીનુ પુરૂ નામ સહી/-
સિક્કા સાથે

## પરિશિષ્ટ.ક
## માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા

**ઉન્નત વર્ગમાંથી બાકાત હોવા અંગેના (નોન ક્રિમીલેયર) પ્રમાણપત્રો અંગેની દરખાસ્તનું પત્રક**

**શાળાનું નામ તથા નંબર :-**

**સ્થળ :-** ........................, **તાલુકો :-** ........................, **જિલ્લો :-** .........................

| અનુ. | વિધાર્થીનું પુરૂં નામ – સરનામું | જે તે વિધાર્થીનો શાળાનો જનરલ. રજીસ્ટર નંબર | શાળાના જનરલ રજી. મુજબ જાતિ / પેટાજાતિ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**નોંધ :-** આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર મુજબની વિગતો શાળાના રેકર્ડ પરથી ખાતરી કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સાચી અને ખરી છે.

**તારીખ :-** ................................

તૈયાર કરનાર કર્મચારીનું પુરૂ નામ અને સહી/-

આચાર્યશ્રીનુ પુરૂ નામ સહી/-
સિક્કા સાથે

| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓની યાદી | |
|---|---|
| ૧ | આગ્રી |
| ૨ | આહીર, આયર-બોરીચા, આહીર સોરઠીયા, આહીર મચ્છોયા, આહીર પંચોળી આહીર નઘેરા, આહીર વણાર, આહીર બોરીચા, આહીર વાગડીયા, આહીર ભંગુર આહીર હરકટ, આહીર કાંબલીયા, આહીર પરાથરિયા, આહીર મોલ |
| ૨-અ. | યાદવ |
| 3 | બારોટ, વહીવંચા ચારણ-ગઢવી |
| ૪ | બાફણ (મુસ્લિમ) |
| ૫ | (બાવચા) અનુસુચતિ જનજાતિમાં સમાવેશ કરાયેલ છે |
| ૬ | બાવરી અથવા બાઓરી |
| ૭ | બાવા, અતીત બાવા, ગૌસ્વામી, વૈરાગી-બાવા, ગોસાઇ, દશનામ ગોસ્વામી, રામાનંદી બાવા/ રામાનંદી સાધુ, પુરી, ભારતી, કાપડી, નાથબાવા, ભરથરી, માર્ગી, ગંગાજલીઆ, દશનામીબાવા, ગિરી. |
| ૮ | ભાલીઆ |
| ૯ | ભામટા, પરદેશી ભામટા |
| ૧૦ | ભરવાડ, મોટાભાઇ ભરવાડ, નાનાભાઇ ભરવાડ |
| ૧૦-અ. | કબારી, બારીયા મોટાભાઇ, ચોસલા, જનપદા (જયાં તેઓ આદિવાસી ન હોય) |
| ૧૧ | (ભીલ) અનુસુચતિ જનજાતિમા સમાંવેશ કરાયેલ છે |
| ૧૨ | ભોઇ, ભોઇરાજ, ઢીમર, ઝીંગાભોઇ, કેવટ ભોઇ, ભાનારા ભોઇ, મછિન્દ્રભોઇ, પાલેવાર ભોઇ, કિરાતભોઇ, કહાર ભોઇ, પરદેશીભોઇ, શ્રીમાળી ભોઇ. |
| ૧૩ | ચારણ ગઢવી |
| ૧૩-અ. | ભાટ |
| ૧૪ | છારા, આડોડીયા, સાંસી |
| ૧૫ | ચુનારા |
| ૧૬ | ચુંવાળીયા કોળી |
| ૧૭ | ડબગર |
| ૧૮ | દિવેચા કોળી |
| ૧૯ | ડફેર (હિન્દુ અને મુસ્લિમ) |

| | |
|---|---|
| ૨૦ | ધોબી |
| ૨૧ | ફકીર (મુસ્લિમ) |
| ૨૨ | ગધઇ (મુસ્લિમ) |
| ૨૩ | ગાડલીઆ અથવા ગાડી લુહારીઆ |
| ૨૩-અ. | લુહારીયા/લુવારીયા |
| ૨૪ | ગળીઆરા (મુસ્લિમ) |
| ૨૫ | ઘાંચી (મુસ્લિમ) |
| ૨૫-અ. | તૈલી, મોઢ ઘાંચી |
| ૨૬ | ઘેડીયા કોળી |
| ૨૭ | ગોલા-રાણા |
| ૨૮ | હિંગોરા (મુસ્લિમ) |
| ૨૮-અ. | હિંગોરા (હિન્દુ) |
| ૨૯ | જુલાયા, ગરાણા, તરીયા અને તરી (બધા મુસ્લિમ) |
| ૨૯-અ. | જિલાયા (મુસ્લિમ) |
| ૨૯-બ. | તરીયા-તાઇ/તરીયા (મુસ્લિમ) તરીયા-તાઇ (મુસ્લિમ) |
| ૩૦ | જત (મુસ્લિમ) |
| ૩૧ | કૈકાડી |
| ૩૨ | કાંબડીઆ ભગત |
| ૩૩ | કાંગસીઆ |
| ૩૪ | ખાટકી અથવા કસાઇ, ચામડીઆ ખાટકી, હાલારી ખાટકી (બધા મુસ્લિમ) |
| ૩૫ | ખટીક |
| ૩૬ | ખાંટ |
| ૩૭ | ખારવા-ભાડેલા |
| ૩૮ | ખ્રિસ્તી, ગુજરાતી ક્રિશ્ચયન, (ફકત અનુસૂચિત જાતિમાંથી ધર્મ પરિવર્તન કરનાર) |
| ૩૯ | કોળી, ઇડરીયા કોળી, ખારવા કોળી, રાઠવા કોળી, બારીઆ કોળી, ઢેબરીયા કોળી. |

| | |
|---|---|
| ૩૯-અ. | કોળી મલ્હાર, કોળી મહાદેવ અથવા ડોંગર કોળી (જયાં આદિવાસી ન હોય) |
| ૪૦ | લબાના, મહેરાવત, ગોટી, હડકશી, ઝોડ, ઢીંગા, પેલ્યા, શાતબે, બામણ |
| ૪૧ | લોધા |
| ૪૨ | મીર, ઢાઢી, મિરાસી, લંધા (બધા મુસ્લિમ) |
| ૪૩ | માછી (હિન્દુ) ખારવા, ખલાસ, ઢીંમર, ઢીવર, મીતના, ટંડેલ, માંગેલા, ખલાસી, સારંગ, કહાર. |
| ૪૪ | મદારી, નાથ, ભરથરી |
| ૪૫ | માજોઠી કુંભાર, દરબાન અથવા દરબાન માજોઠી (બધા મુસ્લિમ) |
| ૪૬ | મકરાણી (મુસ્લિમ) |
| ૪૭ | મતવા અથવા મતવા કુરેશી (મુસ્લિમ) ગવલી (હિન્દુ) |
| ૪૮ | મે. મેતા |
| ૪૯ | મેણા (ભીલ) |
| ૫૦ | મેર |
| ૫૧ | મિયાણા (મુસ્લિમ) |
| ૫૧ અ. | મિઆણા, મિયાણા (હિન્દુ) |
| ૫૨ | મોચી, જણસાલી, સિવણીયા, મ્યાનંગર,જિનગર ,દસાણીઆ, ચામડીયા, ભરતભરા, ચાંદલીયા, સોનારી, આરીભરતભરા (ડાંગ જિલ્લો અને વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકા સિવાય) |
| ૫૩ | નટ, નટ-બજાણીયા, બાજીગર, નટડા |
| ૫૪ | ઓડ |
| ૫૫ | (પઢાર) અનુસુચતિ જનજાતિમાં સમાંવેશ કરાયેલ છે |
| ૫૬ | પદમશાલી-પટ્ટશાલી |
| ૫૭ | પિંજારા, ઘાંચી-પિંજારા, મન્સુરી-પિંજારા (બધા મુસ્લિમ) |
| ૫૭-અ. | મનસારી (મુસ્લિમ) |
| ૫૮ | રબારી, ભોપા, કોડીઆતર, સોરઠીયા રબારી, ચંપ્યા |
| ૫૮-અ. | ચારલીયા, ચરમટા, લુણી, કુશાર, ટાંક, મુચ્છલ, કડીયા કુંભાર (જયાં તેઓ આદિવાસી ન હોય) |
| ૫૯ | રાઠોડીયા |
| ૬૦ | રાવળ, રાવળીયા, જતી અથવા રાવળયોગી, જાગરીયા |

| | |
|---|---|
| ૬૦-અ. | પડાત, રાવર, રાવલીયા |
| ૬૧ | સલાટ (સોમપુરા સલાટ સિવાયના) સલાટ ઘેરા |
| ૬૨ | સંધી (મુસ્લિમ) |
| ૬૨ અ. | સંધી (હિન્દુ) |
| ૬૩ | સરાણીયા |
| ૬૪ | સરગરા |
| ૬૫ | શ્રવણ, સરવણ |
| ૬૬ | શિકલીગર |
| ૬૭ | સિદ્દી |
| ૬૮ | સિપાઇ, પટણી જમાત અથવા તુર્ક જમાત (બધા મુસ્લિમ) |
| ૬૯ | તળપદા કોળી/ તરબદા કોળી |
| ૭૦ | તનકર |
| ૭૧ | તરગાળા, ભવૈયા, નાયક, ભોજક |
| ૭૨ | ઠાકરડા, ઠાકોર, પાટણવાડીઆ, ધારાળા, બારૈયા (જેઓ કોળી છે તે) |
| ૭૨-અ. | પાલનવાડીયા |
| ૭૩ | ઠેબા (મુસ્લિમ) |
| ૭૪ | વાદી |
| ૭૪-અ. | જોગીવાદી |
| ૭૫ | હરીજન વણકર અને ચમારના વહીવંચાચારણ-ગઢવી |
| ૭૬ | વાળંદ, નાયી અને બાબર (હિન્દુ), હજામ (હિન્દુ તથા મુસ્લિમ), ખલીફા (મુસ્લિમ) |
| ૭૬-અ. | વાલે (હિન્દુ) |
| ૭૭ | વણકર-સાધુ |
| ૭૮ | વાંસફોડા, વાંસફોડીઆ અથવા વાંઝા |
| ૭૮-અ. | વાંઝા (મૂળ સૌરાષ્ટ્રના વતનીહોય) |
| ૭૯ | વણજારા, શિનાગવાળા અને કાંગસીવાલા (હિન્દુ) અને ફકત ડાંગ જિલ્લાના વણજારા (મુસ્લિમ) |

| | |
|---|---|
| ૭૯-અ. | વણઝારા, ચારણ વણઝારા, મથુરા વણઝારા, મારૂ વણઝારા, ભગોરા વણઝારા, કાંગસીયા વણઝારા, બામણીયા વણઝારા, લાડોનીયા વણઝારા, ગાવરીયા અથવા ગાવલીયા, રોહિદાસ વણઝારા. |
| ૮૦ | વાઘરી, દાતણીયા વાઘરી, વેડુવાઘરી, તળપદા વાઘરી, ગામચિયા વાઘરી, ગોદડીયા વાઘરી, ચીભડીઆ વાઘરી મારવાડા અથવા મારવાડા વાઘરી. |
| ૮૦-અ. | વાઘરી ગમીચો, વેડવા, ચુરાલીયા, જખુડીયા (જયાં તેઓ અનુસૂચિત જનજાતિના ન હોય) |
| ૮૦-બ. | વેડવા વાઘરી/વેળવા વાઘરી |
| ૮૧ | વાઘેર (હિન્દુ અને મુસ્લિમ) |
| ૮૨ | વાંઢારા |
| ૮૩ | આરબ |
| ૮૪ | ભાંડ |
| ૮૫ | બુરૂડ |
| ૮૬ | ચક્રવદયા દસાર |
| ૮૭ | ચૌધરી/હિન્દુ આંજણા ચૌધરી (જયાં તેઓ આદિવાસી ન હોય), આંજણા, આંજણા પટેલ, આંજણા પાટીદાર, આંજણા દેસાઇ, આંજણા કણબી, ચૌધરી પટેલ, ચૌધરી પાટીદાર |
| ૮૮ | ચામઠા |
| ૮૯ | ડકાલેરૂ |
| ૯૦ | દેપાળા |
| ૯૧ | ઘંટીયા |
| ૯૨ | ઘાંચા |
| ૯૩ | ગલકન્ધ્રા |
| ૯૪ | ગવલી (તા.૪/૨/૨૦૦૯ ના ઠરાવથી રદ કરેલ છે.) |
| ૯૫ | હાટી |
| ૯૬ | જાચક |
| ૯૭ | કલહોડીયા |
| ૯૮ | કોટવાળ |
| ૯૯ | કુંભાર (બીયાર, કદરા પટેલ, લાઠીયા, પોટમેકર, પ્રજાપતિ, વરીયા, વરીઆ) સોરઠીયા કુંભાર, ગુર્જર કુંભાર, વાટલીયા કુંભાર, સોરઠીયા પ્રજાપતિ, ગુર્જર પ્રજાપતિ, વાટલીયા પ્રજાપતિ ,ગુજ્જર ક્ષત્રિય |

| | |
|---|---|
| | કડીયા, કડીયા કુંભાર, ક્ષત્રિય કડીયા, કડીયા |
| ૧૦૦ | ખરક |
| ૧૦૧ | ખવાસ |
| ૧૦૨ | કારડીયા, નાડોદા, ભાથી રાજપુત, કારડિયા રાજપૂત/નાડોદા રાજપૂત |
| ૧૦૩ | ખસીયા |
| ૧૦૪ | મિસ્ત્રી, ગુજર મિસ્ત્રી રાઠોડ, મિસ્ત્રી સુથાર, સુથાર, સુતાર, સુથાર ગુર્જર, ગજ્જર સુથાર, ગુર્જર, મિસ્ત્રી સુતાર, લુહાર, પંચાલ કડીયા, સુથાર |
| ૧૦૫ | મુંડા |
| ૧૦૬ | માધવીયા |
| ૧૦૭ | માળી/માળી રામી, મારવાડી માળી |
| ૧૦૮ | મૈયા/મહીયા |
| ૧૦૯ | પાલવાડીયા |
| ૧૧૦ | પઢારીયા |
| ૧૧૧ | પખાલી |
| ૧૧૨ | સંધેડા |
| ૧૧૩ | શીંગદવ અથવા શીંગડીયા |
| ૧૧૪ | સોચી |
| ૧૧૫ | સુમરા (મુસ્લિમ) |
| ૧૧૬ | સગર |
| ૧૧૭ | સથવારા, સતવારા, કડીયા-સથવારા, કડીયા સતવારા, દલવાડી અથવા કડીયા |
| ૧૧૮ | ઠાકુર (બિન રાજપુત) |
| ૧૧૯ | ટીમાલી |
| ૧૨૦ | તરક (મુસ્લિમ) |
| ૧૨૧ | વજીર |
| ૧૨૨ | કાઠી |
| ૧૨૩ | લખારા, લખવારા, લક્ષકાર |

| | |
|---|---|
| ૧૨૪ | કલાલ (મુસ્લિમ) |
| ૧૨૫ | જાગરી |
| ૧૨૬ | જોગી |
| ૧૨૭ | ભવૈયા (મુસ્લિમ) |
| ૧૨૮ | નિઝામા (હિન્દુ) |
| ૧૨૯ | ગડરીયા |
| ૧૩૦ | કમાલિયા-પુજારા |
| ૧૩૧ | ગારી |
| ૧૩૨ | સોરઠી |
| ૧૩૩ | કામળી |
| ૧૩૪ | તંબોળી |
| ૧૩૫ | ગરવી |
| ૧૩૬ | ગુરવ |
| ૧૩૭ | કલાલ (હિન્દુ) |
| ૧૩૮ | સંધાર (હિન્દુ) |
| ૧૩૯ | નગારચી |
| ૧૪૦ | કાયસ્થ (પંચશ્રી ધ્વારા સર્વેકરાયેલ) |
| ૧૪૧ | ગાંધર્વ(હિન્દુ) |
| ૧૪૨ | દરજી |
| ૧૪૩ | ભંડારી |
| ૧૪૪ | કાઠી રાજગોર, આહિરના ગોર એટલે પરજિયા રાજગોર |
| ૧૪૫ | કુરૂહીન શેટ્ટી |
| ૧૪૬ | હજુરી (રાજપુત) |